# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-01-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-યુવાનેતા સંવાદ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે વિકસિત ભારત યુવા નેતા સંવાદ એ દેશના યુવાનોને રાષ્ટ્રની વિકાસ યાત્રામાં સામેલ કરવા માટે એક અનોખી પહેલ છે. રાષ્ટ્રીય યુવા મહોત્સવ 2025 અને વિકસિત ભારત યુવા નેતા સંવાદ પર યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી રક્ષા ખડગે દ્વારા લખાયેલ લેખ શેર કરતા શ્રી મોદીએ કહ્યું કે આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય યુવાનોમાં ઉર્જા, સર્જનાત્મકતા અને ગતિશીલતાનો ઉપયોગ કરવાનો છે જેથી તેઓ વિકસિત ભારતનું સ્વપ્ન અને નેતૃત્વને દિશા પૂરી પાડે.

આજે રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વિકાસશીલ ભારત યુવા નેતા સંવાદમાં ભાગ લેશે. અમારા સંવાદદાતા જણાવે છે કે શ્રી મોદી દેશભરના ત્રણ હજાર યુવા નેતાઓ સાથે વાતચીત કરશે.

---------------------------------------------------------------------------------

## અમિત શાહ-કેફી પદાર્થો:

દેશમાં છેલ્લા દસ વર્ષમાં કેફી પદાર્થો જપ્ત કરવાના પ્રમાણમાં 7 ગણો વધારો થયો છે, અને આ સમયગાળામાં 56 હજાર 800 કરોડ રૂપિયાના કેફી પદાર્થનો નાશ કરાયો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે દિલ્હીમાં યોજાયેલી કેફી પદાર્થોની હેરફેર નાથવા અંગેની રાષ્ટ્રીય સલામતી પરિષદના અધ્યક્ષપદેથી આ મુજબ જણાવ્યું હતું.

ગૃહમંત્રીએ બધા જ રાજ્યોને કેફી પદાર્થો સામેની કેન્દ્ર સરકારની ઝુંબેશમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. તેમણે નાગરિકોને માનસ હેલ્પલાઇનની જાણકારી વ્યાપક પ્રમાણમાં

પહોંચાડવા રાજ્ય સરકારોને અનુરોધ કર્યો છે. આ કાર્યક્રમમાં શ્રી શાહે કેફી પદાર્થ નાશ કરવાની આગામી 25મી જાન્યુઆરી સુધી ચાલનારી ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો.તેમજ માનસ-2 હેલ્પલાઇનના વિસ્તરણનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

-----------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-મહાનગરપાલિકા કાર્યશાળા:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં રાજ્યની નવરચિત નવ મહાનગરપાલિકાઓની એક દિવસીય કાર્યશાળા યોજાઈ હતી.

આ કાર્યશાળામાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ કે, રાજ્યનાં ઈતિહાસમાં એક સાથે નવ નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતર કરવાનો નિર્ણય શહેરી વિકાસની રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

નવી રચાયેલી નવ મહાનગરપાલિકાઓની વહીવટી ક્ષમતામાં વધારો કરવા તેમજ યોગ્ય માર્ગદર્શન માટે હાલની પાંચ મોટી મહાનગરપાલિકાઓને એક વર્ષ સુધી મેન્ટર તરીકે કાર્યરત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ કાર્યશાળામાં નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનરો, વહીવટદાર, ક્લેકટર તેમંજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

-----------------------------------------------------------------------------------------

## કચ્છ-HMPV કેસ:

ચીનમાં HMPVના કેસોમાં વધારો થયો છે, ત્યારે 10 જાન્યુઆરીના અમદાવાદમાં 9 માસના બાળક બાદ ગઈકાલે મૂળ કચ્છના રહેવાસી 59 વર્ષીય વ્યક્તિનો HMPV રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેના પગલે તેઓને સારવાર અર્થે અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દર્દીની કોઇપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી જોવા મળી નથી. આ સાથે રાજ્યમાં છેલ્લા 72 કલાકમાં ચોથો કેસ નોંધાયો છે. આમ, રાજ્યમાં કુલ કેસનો આંક 5 થયો છે, જ્યારે દેશમાં કુલ 15 કેસ નોંધાયા છે. HMPVની સંભવિત સ્થિતિને પહોંચી વળવા માટે આરોગ્ય વિભાગ સતર્ક બન્યો છે અને રાજ્યની અલગ અલગ હોસ્પિટલમાં જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

કચ્છમાં પણ સર્વેલન્સની કામગીરી સઘન બનાવવામાં આવી છે અને તકેદારીના પગલા લેવામાં આવી રહ્યા છે.

------------------------------------------------------------------------------------------

## ધોરડો-રણોત્સવ

રાજ્યની આગવી ઓળખ સમાન આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ 2025નો ગઇકાલથી શાનદાર પ્રારંભ થયો છે. અમદાવાદનાં રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તિરંગા બલૂનને આકાશમાં ઉડાડીને પ્રારંભ કરાવ્યો હતો. ત્યારે કચ્છના ધોરડોના સફેદ રણ ખાતે પણ પતંગોત્સવ યોજાશે. સાંભળીએ એક વિશેષ અહેવાલ.

*વૉઈસ કાસ્ટ*

*પરેશ મારૂ, આકાશવાણી સમાચાર, ભુજ*

ગુજરાત સરકાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્યના અન્ય સ્થળોની સાથે કચ્છના ધોરડો સફેદ રણ ખાતે આવતીકાલે સોમવારે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ભારત સહિત 11 દેશના પતંગબાજો ધોરડો ખાતે મહોત્સવમાં ભાગ લઇ  અવનવી પતંગો દ્વારા આકર્ષણ જમાવશે. પતંગ મહોત્સવમાં દેશ-વિદેશથી પધારેલા કાઈટિસ્ટોનું સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા સ્વાગત કરવામાં આવશે.આ પતંગ મહોત્સવમાં બેલારૂસ, ભૂતાન, કોલમ્બિયા, ડેનમાર્ક, હંગ્રી, ઈન્ડોનેશિયા, માલ્ટા, સ્લોવેનિયા, ટ્યુનિશિયા, તૂર્કી સહિતના દેશના પતંગબાજો સહભાગી થશે. આ ઉપરાંત ભારતના વિવિધ રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર, ઓડિશા, વેસ્ટ બેંગાલ, સિક્કિમ  સહિતના વિવિધ રાજ્યોમાંથી પતંગબાજો ધોરડોના આકાશમાં વિવિધ પતંગો ઉડાડી આકર્ષણ જમાવશે. આ આંતરરાષ્ટ્રીય પંતગ મહોત્સવનું આયોજન ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ અને કચ્છ જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. પતંગ મહોત્સવમાં સાંસદ વિનોદ ચાવડા સહિત ના પદાધિકારીઓ  અને પ્રવાસન નિગમ લિમિટેડના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

------------------------------------------------------------------------------------------

# રાપર-વિકાસ કામોનું ખાતમુહૂત:

રાપર તાલુકાના સઈ પાબુદાદા મંદિર ખાતે  આજે રસ્તા સહિતના વિવિધ વિકાસ કામોનું 11.70 કરોડના ખર્ચે રાપરના ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાના હસ્તે ખાતમુહૂર્ત કરાશે.

-----------------------------------------------------------------------------------------